सत्यमेव जयते

દાખલ તારીખ..........	04/06/2025		
રજીસ્ટરે લીધા તારીખ...	04/06/2025		
ફેંસલ તારીખ...........	15/07/2026		
સમયગાળો..............	વર્ષ	માસ	દિવસ
	01	01	11

<u>વિરપુરના મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વિરપુર.</u>

ક્રિમીનલ કેસ નં. 309/2025

આંકઃ-

ફરિયાદીઃ- પંચાલ રમણભાઈ દલસુખભાઈ,
ઉ.વ.આ.69, રહે.ઠે. સરદાર ચોક બેંક ઓફ બરોડાની પાછળ,
મુ.પો. ડેભારી, તા.વિરપુર, જી.મહીસાગર.

વિ રૂ દ્ધ

આરોપીઃ- શરીફભાઈ અહેમદભાઈ શેખ,
ઉં.વ.આ. પુખ્ત,રહે. મહેમુદપુરા,
મુ.પો.તા. વિરપુર, જી.મહીસાગર.

ગુનોઃ- **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ તથા ૧૪૨ મુજબ.**

ફરિયાદી તરફે વિદ્વાન વકીલ શ્રી ડી.જે.સેવક.

આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી ડી.બી.ઓથર.

(D. J. Bhati)
Judi. Magi. F. C., Virpur.

--// જ જ મે ન્ટ //--

(૧).. આ કામના ફરિયાદી દ્વારા આરોપી સામે હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ તથા ૧૪૨ મુજબ દાખલ કરી જણાવેલ છે કે, આ કામના આરોપી તથા ફરિયાદી શિક્ષક તરીકે નોકરી કરતાં એકબીજાના ઘનિષ્ઠ સંબંધો થયેલ. આ કામના ફરિયાદી નોકરીમાંથી નિવૃત્ત થતાં મળેલ પી.એફ., ગ્રેજ્યુઇટી વિગેરે રકમ હાથ ઉપર હોવાની આ કામના આરોપીને જાણ થયેલ. દરમિયાન આ કામના આરોપીએ ફરિયાદીને રૂબરૂ મળી હાલ નવીન મકાનનું બાંધકામ કરેલ છે અને છોકરીનું લગ્ન કરવાનું છે તેમ જણાવી હાથ ઉછીના રૂ.૧૦,૦૦,૦૦૦/-અંકે રૂપિયા દસ લાખ પુરાની માગણી કરતા સદર રકમ ફરિયાદીએ હાથ ઉછીના આપેલ. આ ઉપરાંત અગાઉની લેવડ દેવડના આ કામના આરોપી પાસે લેણા નીકળતા રૂ.૩૭,૦૦૦/- મળી કુલ રૂ.૧૦,૩૭,૦૦૦/- અંકે રૂપિયા દસ લાખ સાડત્રીસ હજાર પૂરા ફરિયાદીને આ કામના આરોપી પાસે લેણી રકમ બાકી રહેલ. જે રકમ લોન મળ્યેથી પરત કરવા આરોપીએ જણાવેલ. સદર રકમની ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજનો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા બાલાસિનોર શાખાનો રૂ.૧૦,૩૭,૦૦૦/- અંકે રૂપિયા દસ લાખ સાડત્રીસ હજાર પૂરાનો ચેક નં-૪૦૨૫૭૨" આપેલ. જે ચેક બેન્ક દ્વારા સદર ચેક ધારક દ્વારા ચેકની રકમ લિમિટથી વધારે લખેલ હોઇ પરત ફરેલ. સદર ચેક પરત ફર્યાની હકીકત આ કામના આરોપીને જણાવતા આરોપીએ ફરિયાદીને રૂ.૩૭,૦૦૦/- રોકડા પરત કરેલ અને બાકી લેણી રકમ ચૂકવવા માટે આ કામના આરોપીએ (૧) એક્સિસ બેન્ક લી. રાપર શાખાનો તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજનો રૂ.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પૂરાનો ચેક નંબર-“૨૮૪૪૫૧” તથા (૨) એક્સિસ બેન્ક લી. રાપર શાખાનો તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજનો રૂ.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પૂરાનો ચેક નંબર-"૨૮૪૪૫૨" એમ બે ચેક આપેલ. સદર બંને ચેક ફરિયાદીએ તારીખ-૦૭/૦૪/૨૦૨૫ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા બિરપુરમાં રજૂ કરતાં તમારા સદર બંને ચેક તારીખ-૦૮/૦૪/૨૦૨૫ ના રોજ એક સમાન કારણ ૦૧ ફંડ્સ ઇન્સફીસીયન્ટના શેરા સાથે પરત કરેલ. સદર બાબતે ફરિયાદીએ આરોપીને તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ રજી.પો.એડી.થી વકીલ મારફતે

આરોપીના રહેઠાણના તથા નોકરીના સ્થળે નોટિસ આપેલ. સદર નોટિસો આરોપીને અનુક્રમે તા.૧૯/૦૪/૨૦૨૫ તથા તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ મળી ગયેલ હોવા છતાં આરોપીએ અમો ફરિયાદીને સદર બંને ચેકના નાણાં ચૂકવેલ નથી કે નોટિસનો કોઈપણ જવાબ આપેલ નથી. આમ આરોપીએ નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ તથા ૧૪૨ મુજબ ગુનો કરેલ હોય, આ કામના આરોપી સામે યોગ્ય પ્રોસેસ કરી સખ્ત નશ્યત કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, ઉપરોકત ફરિયાદ આધારે ફરિયાદીનું વેરીફીકેશન લઇ આરોપી વિરૂદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયેનું કોગ્નીઝન્સ લઇ સમન્સ ઇસ્યુ કરેલ. જે સમન્સ બજી જતાં આરોપી હાજર થતાં આંક-09 થી આરોપીની પ્લી લેવામાં આવેલ જેમાં આરોપીએ ગુનો કબુલ ના કરતાં હાલની કાર્યવાહી સમન્સ કેસની કાર્યવાહી તરીકે આગળ ચલાવવામાં આવેલ છે.

(૩).. આ કામે પક્ષકારો દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

-// મૌખિક પુરાવો //-

અ.નં.	વિગત
૧.	આંક-04 થી ફરિયાદી પંચાલ રમણભાઈ દલસુખભાઈની જુબાની.

-// દસ્તાવેજી પુરાવો //-

અ.નં.	વિગત
૧.	આંક- 13 થી અસલ ચેક.
૨.	આંક- 14 થી બેંક રીટર્ન મેમો.
૩.	આંક- 15 થી અસલ ચેક.
૪.	આંક- 16 થી બેંક રીટર્ન મેમો.

-// દસ્તાવેજી પુરાવો //-

૫.	આંક- 17 થી ફરિયાદીએ આરોપીને આપેલ કાનૂની નોટીસની સ્થળ પ્રત.
૬.	આંક-18 થી રજી.પોસ્ટ.એ.ડી. થી નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટની પહોંચ.
૭.	આંક-19 થી રજી.પોસ્ટ.એ.ડી. થી નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટની પહોંચ.
૮.	આંક - 20 થી ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ.
૯.	આંક - 21 થી ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ.
૧૦.	આંક - 29 થી ઇન્કમટેક્ષ રીટર્નની નકલ.
૧૧.	આંક - 30 થી ઇન્કમટેક્ષ રીટર્નની નકલ.
૧૨.	આંક - 31 થી બેંકના ખાતાનું સ્ટેટમેન્ટ.
૧૩.	આંક - 32 થી બેંકના ખાતાનું સ્ટેટમેન્ટ.

(૪).. ઉપરોક્ત પુરાવો રજૂ કર્યા બાદ ફરિયાદ પક્ષ તરફે વધુ પુરાવો રજુ ન કરવાનું આંક-40 થી જાહેર કરેલ છે. ફરિયાદપક્ષ તર્ફે પુરાવો પૂર્ણ થયા બાદ, આ કામના આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ કે, " *અમો આરોપી નિર્દોષ છીએ. અમારા સામે ખોટો ચેક ભરી ખોટી ફરિયાદ કરેલ છે.* " આ સિવાય આરોપીએ સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલ નથી. ત્યારબાદ પક્ષકારોની દલીલો સાંભળી.

(5).. ફરિયાદી તરફે વિ.વ.શ્રી ડી જે સેવક ની પોતાની ફરિયાદ મુજબની દલીલ છે અને તેઓ જણાવે છે કે ફરિયાદીની ફરિયાદ હકીકત અનુસાર આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીની મેળવેલ રકમ ચૂકવવા સારું હાલનો આ કેસ વાળો ચેક આપેલ, જે બેંકમાં રજૂ કરતા પરત ફરેલ છે, આ કામના આરોપીને નોટિસ બજી ગયેલ છે તેમ છતાં તેણે નોટિસ મુજબ નાણા ફરિયાદીને ચૂકવી આપેલા નથી કે નોટિસનો કોઈ જવાબ પણ આપેલ નથી. ફરિયાદી નિવૃત્ત શિક્ષક છે, આરોપી પણ શિક્ષક હોય ફરિયાદી તેઓને અવારનવાર મદદ કરતા હતા. ફરિયાદીની જે ઉલટ તપાસ કરવામાં

આવેલી છે તે જોવામાં આવે તો તેમાં આરોપીએ નાણા લીધા ન હોવાનું ક્યાંય જણાઈ આવતું નથી, જો આરોપી એમ કહેતા હોય કે હસીના બીબી સાથે તારીખ 11 5 23 ના રોજનું વ્યવહાર થયેલો છે તો હાલનો આ ચેક આરોપીએ શા માટે આપેલો છે તે અંગેનું કોઈ ખુલાસો બચાવ પક્ષ કરી શકતા નથી. બચાવ પક્ષે તેઓને ડિમાન્ડ નોટિસ ન બદલવાની તકરાર લીધેલ છે પરંતુ આ કામે પોસ્ટ ખાતા નું ટ્રેકિંગ રિપોર્ટ રજૂ કરવામાં આવેલું છે, જે નહીં માનવાની કોઈ કારણ નથી. આમ બચાવ પક્ષનો સમગ્ર બચાવ જોવામાં આવે તો એક્ટના અનુમાનોનું કોઈ ખંડન બચાવ પક્ષ કરી શકેલા નથી. આમ ફરિયાદ તરફે સમગ્ર રીતે દસ્તાવેજી પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ હોય, હાલના કેસમાં આરોપીનો ચેક તે ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આપેલો ચેક હોય, અને તે વગર સ્વીકારાય પરત ફરેલ હોય, આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરેલ હોય, આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની સખત નસ્યત કરવા વિનંતી છે.

આરોપી તરફે વી.વ. શ્રી ડી બી ઓથર દ્વારા પોતે કરેલ ફરિયાદીની ઉલટ તપાસ અને વધારાના જવાબ મુજબની દલીલો કરતા જણાવે છે કે ફરિયાદીએ રૂપિયા પાંચ પાંચ લાખના બે ચેક રજૂ કરી હાલની આ ફરિયાદ દાખલ કરેલ છે. હાલનો આ ચેક દેવું ચૂકવવા માટે જ આપેલ હોવો જોઈએ, તેવું ન હોય તો એક્ટ મુજબ ના અનુંમાનો લાગુ પડી શકે નહીં. ફરિયાદી નોટિસ સરતપાસ અને પોતાની ફરિયાદમાં જે હકીકત જણાવે છે તેના તત્વો ફરિયાદીએ પુરાવા સાથે સાબિત કરવા જોઈએ. ફરિયાદીને ઉલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદી બેંક ટ્રાન્જેક્શન પુરવાર કરી શકેલા નથી, જેથી કોઈ કાયદેસરનું દેવું હોવાનું માની શકાય તેમ નથી. ₹1,89,000 નું ટ્રાન્જેક્શન આરોપી ની પત્ની હુસેનાબેન સાથે વ્યવહાર થયેલો છે, તેથી તેમના પતિ સાથે પણ દસ લાખનો વ્યવહાર થયો હોય તેવું કહી શકાય નહીં. આવડી મોટી રકમનો વ્યવહાર થયેલ હોવા છતાં કોઈ એગ્રીમેન્ટ થયેલ નથી. ફરિયાદીને આવકનો સ્ત્રોત જણાઈ આવતું નથી, કે આવું ટ્રાન્જેક્શન ઇન્કમટેક્સ રિટર્ન માં પણ બતાવવામાં આવેલ નથી. આમ ફરીયાદી રૂપિયા 10 લાખની કોઈ એમાઉન્ટ સાબિત કરી શક્યા નથી જેથી આવું કોઈ કાયદેસરનું તેઓનું લેણું નથી. સિક્યુરિટી પેટે ના ચેક લીધેલ હોય તેવું પણ ક્યાંય ફરિયાદીની ફરિયાદ થી જણાઈ આવતું નથી. ફરિયાદીની ફરિયાદમાં અને ઉલટ તપાસમાં વિસંગતતા રેકોડ ઉપર જણાઈ આવે છે. ખરેખર ₹10,37,000 તેઓ માગતા હતા કે રૂપિયા દસ લાખ તે પણ નક્કી થતું નથી, જેથી ફરિયાદીની વિશ્વસનીયતા ઘટે

છે. ફરિયાદી તેવું પણ પુરવાર કરી શકતા નથી કે આરોપીના કયા અંગત દેવા હતા. ફરિયાદી જો એમ કહેતા હોયકે તેઓએ bank of baroda ડેભારી શાખા અને વીરપુર શાખામાંથી આ પૈસા ઉપાડેલા તો આંક 31 અને 32 માં બેંક સ્ટેટમેન્ટમાં ₹10, લાખ એક સાથે ઉપાડ્યા ની કોઈ એન્ટ્રી જણાઈ આવતી નથી. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં આ ચેક આરોપીઓ ભરીને આપેલો તેવું જણાવેલ છે, જ્યારે ઉલટ તપાસમાં મેં ચેક ની વિગતો ભરેલી છે તેમ કબુલ કરેલ છે. આમ એક્ટની કલમ 139 નું અનુમાન ખંડિત થયેલ છે. ફરિયાદીએ પરસ્પરવિરુદ્ધની હકીકતો જણાવેલી છે. ફરિયાદીહિસાબ, નોંધ, રસીદ, એગ્રીમેન્ટ જેવું કાંઈ પણ રજૂ કરતા નથી. આમ ફરિયાદી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. વળી પોતાની ફરિયાદમાં પૈસા અપાવવાની કોઈ દાદ માંગેલ નથી. આમ સમગ્ર હકીકતે બચાવ પક્ષે લીધેલ બચાવ મુજબ પણ ખરેખર તો ફરિયાદી સાથે આરોપીનું કોઈ લીગલ ડેપ્ટ ન હોવા છતાં ફરિયાદીએ નાણાં પડાવવા હાલની ખોટી ફરિયાદ કરેલ હોય આરોપીને આ ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(6) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, ઉભય પક્ષની રજૂઆતો તથા ધિનેગોસિબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ ધ્યાને લેતા, આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય છે.

-:: મુ દ્દા ::-

(1) શું ફરિયાદી નિશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ધિ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ 138 મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(2) શું હુકમ ?

(7) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(1) મુદ્દા નંબર 1 - હકારમાં

(2) મુદ્દા નંબર 2 - આખરી હુકમ મુજબ.

(D. J. Bhati)
Judi. Magi. F. C., Virpur.

-:: કા ર ણો ::-

(8) **<u>મુદ્દા નંબર 1</u> :-**

આ કામે મુદ્દા નંબર 1ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નંબર 1 પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરિયાદ પક્ષની છે. આરોપી સામેનું ફરિયાદીનું બાકી લેણું કાયદેસરનું વસૂલ થવા પાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવા પાત્ર બાકી લેણા ની ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલો છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે, તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખિતમાં આરોપીના સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે, તે હકીકત ફરિયાદીએ પુરવાર કરવાની છે. આ સંદર્ભે જોઈએ તો આ કામે ફરિયાદ પક્ષે પોતાની આંખ એક વાળી ફરિયાદ હકીકતના સમર્થનમાં પોતે સોગંદ ઉપર જુબાની આપેલ છે, તે સાથો સાથ ઉપરોક્ત જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.આરોપી સામે નું આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે સૌપ્રથમ ફરિયાદીએ ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 ના આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે.બલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(1) આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણા ચુકવવા ફરિયાદીને ચેક આપેલ.

(2) આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશત: કાયદેસરનું દેવું અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(3) ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી નિયત સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ હતો.

(4) ચેક આરોપીના ખાતામાં રજૂ કરતા કારણો સાથે વગર સ્વીકારાયે પરત થયેલો.

(5) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ 30 દિવસની સમય મર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટિસ ચેક લખનાર(આરોપી) ને મોકલેલ હતી.

(6) આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં 15 દિવસની સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી અને તે બાદ ૩૦ દિવસમાં હાલની આ ફરિયાદ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદી પર રહેલી છે. તેમજ ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ 1881 ની કલમ 118 (એ) તથા કલમ 139 અનુસાર ફરિયાદીની

તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી પણ જોગવાઈ છે જે અનુમાનો તેમજ નેગોસીબલ ઇન્સ્ટ્રુમેન્ટ ની કલમ 138 જોવામાં આવે તો,

(8.1) **<u>નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ ની કલમ 138</u>**

<u>ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર</u>

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કર ને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાંની જમા રકમ ચેકના અસ્વીકાર માટે અપૂરતી હોય અથવા તો બેંક સાથેની સમજૂતીની કરેલી વ્યવસ્થા મુજબ ચેક ની રકમ એ રકમ કરતાં વધારે હોય ત્યારે, આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાદ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની અથવા ચેક ની રકમથી બમણી કિંમતના દંડ સુધીની અથવા તે બંને શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ ઠરાવવામાં આવે છે કે આ કલમનો કોઈપણ મજબૂર લાગુ પડશે નહીં સિવાય કે-

(ક) જે તારીખે, ચેક લખ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની મુદત અથવા તેની કાયદેસરની મુદત એ બેમાંથી જે વહેલી આવતી હોય તેટલી મુદતની અંદર બેંકમાં ચેક રજૂ કરવામાં આવ્યો હોય,

(ખ) પ્રસંગ પ્રમાણે ચેક લેનાર અથવા તેના ધારક ચેક ભરપાઈ થયા વિના પરત આવવા સંબંધી બેન્ક પાસેથી તેની માહિતી મળ્યા ના 30 દિવસની અંદર ચેક લખનારને લેખિતમાં નોટિસ આપીને નાણાંની સદરહુ રકમની ચુકવણી કરવા માટે માંગણી કરી હોય અને,

(ગ) તેવી નોટિસ મળ્યાના 15 દિવસની અંદર ચેક લખનાર ચેકના નાણાં લેનાર અથવા જે તે કિસ્સા મુજબ ચેકના ધારકને સદરહું નાણાંની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય,

સ્પષ્ટીકરણ: આ કલમના હેતુ માટે" દેવું અથવા અન્ય જવાબદારી" એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

(8.2) **<u>નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ ની કલમ 118</u>**

<u>વટાઉખત વિશે માની લેવાની બાબત:</u>

એથી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજ ને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામાં આવ્યું હોય તે હવેજ ને માટે સ્વીકાર્યું હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યું હતું.

(ખ) તારીખ વિશે:

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાવખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારના સમય વિશે:

સ્વીકારાયેલું દરેક વિનિમય પત્ર તેની તારીખ પછી અને તે પાક્યા ની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિશે:

કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિશે:

કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાવતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિશે:

ખોવાઈ ગયેલી પ્રોમિસરી નોટ, વિનિમય પત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે:

કોઈ વટાઉખત નો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

(8.3) **<u>નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ ની કલમ 139</u>**

<u>ચેકના ધારણકરતાની તરફેણમાં અનુમાન:</u>

હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે ચેક ધારણ કરનારે તે ચેક કલમ 138 માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજા મુક્ત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

આમ ઉપર જણાવેલ વ્યાખ્યાને જોવામાં આવે તો ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ 1881 ની કલમ 118(એ) ની જોગવાઈ અનુસાર જ્યાં સુધી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાવ વખત અવેજના માટે કરી આપ્યા નું માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ 1881ની કલમ 139ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વિરુદ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણ કરતા એ ચેક ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ 1881ની કલમ 138ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશત અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોક્ત બંને કલમ હેઠળ ફરિયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે, પરંતુ બંને જોગવાઈમાં **"વિરુદ્ધનું સાબિત ન થાય તો"** એવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે, આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વિરુદ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવું અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શિરે રહે છે.

(9).. ફરિયાદપક્ષે તેમની આંક 1ની ફરિયાદને સમર્થન કરતા આંક 4 થી ફરિયાદી પંચાલ રમણભાઈ દલસુખભાઈએ સોગંદ ઉપર જુબાની આપેલ છે. જેમાં તેઓએ સોગંદ ઉપર પોતાની ફરિયાદ હકીકત જણાવેલ છે, જેનો પુનરુક્તિનો દોષ ટાળવા ચર્ચા કરેલ નથી. ફરિયાદીએ પોતાની જુબાનીમાં, ફરિયાદ સાથે રજૂ કરેલા આંક 13 થી 21 ના દસ્તાવેજી પુરાવાઓને રીફર કરેલા છે. આ રિફર કરેલા દસ્તાવેજી પુરાવામાં અનુક્રમે, લેણા પેટે આરોપીએ પોતાની સહી વાળો આપેલ ચેક નં. 284451, ફરિયાદીને આપેલ ચેક રિટર્ન થયા અંગેનું રિટર્ન મેમો, લેણા પેટે આરોપીએ પોતાની સહી વાળો આપેલ ચેક નં. 284452, ફરિયાદીને આપેલ ચેક રિટર્ન થયા અંગેનું રિટર્ન મેમો, ફરિયાદી આરોપીને આપેલ નોટિસની સ્થળપ્રત, આરોપીને રહેઠાણના સરનામે આપેલ નોટિસની આરપીડીની સ્લીપ, આરોપીને નોકરીના સરનામે આપેલ નોટિસની આરપીડીની સ્લીપ, આરોપીને

નોટિસ બજે અંગે ઓનલાઇન ટ્રેક કંસાઇનમેન્ટ રિપોર્ટ-2, વિગેરે રજૂ કરેલ છે. આ ઉપરાંત ફરિયાદી એ પોતાની ઉલટ તપાસ દરમિયાન આંક 29 થી અંક ૩૨ ના ઇન્કમટેક્સ રિટર્ન તથા પોતાના બેંક ખાતાના સ્ટેટમેન્ટ રજૂ કરેલા છે. એટલે કે પોતાની ફરિયાદ હકીકતને અનુરૂપ તમામ દસ્તાવેજી પુરાવો રજૂ કરી ફરિયાદ હકીકત મુજબનું ફાઉન્ડેશન કરેલ છે. જેથી હવે તે પ્રમાણે આરોપી સામે એક્ટના અનુમાનો થઈ શકે તેવો પુરાવો ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટ તપાસમાં, ફરિયાદી સ્વીકારે છે કે " હું શિક્ષક તરીકે મારા ગામ ડેભારીમાં નોકરી કરતો હતો, આ કામના આરોપી તે સમયે બાલાસિનોર ડાયનોસોર પાર્ક છે તે જગ્યાએ રૈયોલી ગામે નોકરી કરતા હતા. ડેભારી અને રૈયોલી વચ્ચે 30 એક કિલોમીટર જેટલું અંતર છે. એ વાત ખરી છે કે આરોપી સાથે અવારનવાર મુલાકાત ક્યાં થતી હતી તે મેં મારી ફરિયાદ, નોટિસ કે સોગંદનામામાં જણાવેલ નથી. હું સને 2013ની સાલમાં નિવૃત્ત થયેલો છું. એ વાત ખરી છે કે મેં સને 2013 ની સાલમાં નિવૃત્ત થયા અંગેની કોઈ હકીકત મારી ફરિયાદ, નોટિસ કે સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેં મારી પીએફ, તથા ગ્રેજ્યુએટીની રકમ કેટલી મારા હાથ ઉપર હતી તે અંગેની કોઈ હકીકત મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી હું જ્યારે નિવૃત્ત થયો ત્યારે મારી સાથે સહ શિક્ષક તરીકે નોકરી કરતા નહોતા. શરીફભાઈની દીકરીના લગ્ન ક્યારે થયેલા તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે આરોપી કઈ બેંકની લોન લઈને મને રકમ પરત આપવાના હતા તે મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આઈસીઆઈસીઆઈ બેંકની લોન લેવાનું મને જણાવેલું. એ વાત ખરી છે કે મેં શરીફભાઈ પાસે icici bank ના કોઈ કાગળોની માંગણી કરેલી નહીં. એ વાત ખરી છે કે આરોપીના અંગત જીવનની કોઈ વાતો મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના કયા અંગત દેવા હતા તે હકીકત પણ મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. હું જે રકમ ₹10,00,000/- રોકડા આરોપીને આપ્યાની હકીકત જણાવું છું, તે રકમ હું મારી બેંકમાંથી લાવેલો હતો. મેં આ રકમ bank of baroda ડેભારી શાખા તેમજ એસબીઆઇ બેન્ક વીરપુરમાંથી ઉપાડેલા હતા. જો મને આ બંને બેંકના સ્ટેટમેન્ટ મળી શકશે તો હું રજૂ કરીશ. એ વાત ખરી છે કે આવી રકમ મેં બેંકમાંથી ઉપાડીને આપેલાની કોઈ

હકીકત મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે મેં આરોપીને રૂપિયા દસ લાખની રકમ કઈ તારીખે, કયા વારે, કયા સ્થળે અને કયા સમયે આપેલા તે મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરિયાદી અને આ કામના આરોપી પાસેથી અગાઉની લેવડ-દેવડના રૂપિયા 37,000/- નો જે વ્યવહાર છે તે કયા વ્યવહારની લેવડ-દેવડ બાકી હતી તે હકીકત મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે હું મારા સ્ટાફમાં જેને જેને નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થાય તે તમામને નાણા આપતો હતો. એ વાત ખરી છે કે હું મારા અંગત મિત્રોને નાણાકીય મદદ કરતો હતો. એ વાત ખરી નથી કે હું જે અંગત મિત્રને નાણા આપતો તેનો હિસાબ કિતાબ રાખતો હતો. એ વાત ખરી નથી કે હું અંગત મિત્રોને આપેલી મૂળ રકમનો હિસાબ રાખતો ન હતો, માત્ર વ્યાજનો હિસાબ રાખતો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મિત્રો પાસેથી કોઈ વ્યાજ લેવાનું હોતું નથી. એ વાત ખરી છે કે હું મારી ફરિયાદમાં જણાવું છું તે મુજબ તારીખ 2 4 2025 ના રોજ state bank of india બાલાસિનોર શાખાનો ₹10,37,000 અંકે રૂપિયા દસ લાખ સાડત્રીસ હજાર પુરાનો ચેક નંબર 402572 આપેલો તે ચેક મેં હાલના કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે બેંકે મને ₹10,37,000 નો ચેક લિમિટથી વધારે હોવાનું કોઈ લખાણ આપેલ હોય, તો તેવું લખાણને આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે ₹10,37,000 નો ચેક રિટર્ન થયેલ હોય તો તેવા રિટર્ન મેમાની કોઈ નકલ મેં આ કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મને રૂપિયા 37,000/- પરત આપેલ હોય તો તે ક્યારે આપ્યા, કઈ તારીખે આપ્યા, કયા સ્થળે આપ્યા તે અંગેની કોઈ હકીકત મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે રૂપિયા 37,000 શરીફભાઈએ મને પરત આપ્યા તેની મેં કોઈ પહોંચ આપેલી નથી. એ વાત ખરી છે કે હું જણાવું છું તેવા રાપર શાખાના બંને ચેકો આરોપીએ કઈ તારીખે, કયા સ્થળે અમોને આપેલા તે મેં મારી ફરિયાદ, નોટિસ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે હું આ ચેકના નાણા લેવા ગયો ત્યારે મેં ચેકમાં વિગત, તારીખ, આંકડા તથા શબ્દોમાં રકમ ભરીને ચેક બેંકમાં રજૂ કરેલો. એ વાત ખરી છે કે હું જણાવું છું તેમ આરોપીને અનુક્રમે તારીખ 19 4 2025 તથા તારીખ 26 4 2025 ના રોજ આરોપીને નોટિસ મળી ગયા અંગેની આરોપીની સહી વાળી કોઈ એકનોલોજમેન્ટ આ કામે મેં રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે

આરપીએડીથી મોકલેલી ટપાલ સાથેની એકનોલોજમેન્ટ સ્લીપ મળ્યા અંગેની સહી સાથે પરત આવે ત્યારે તે ટપાલ તેને મળી ગયેલ હોવાનું ગણાય. એ વાત ખરી છે કે મેં જે ટ્રેકિંગ રિપોર્ટ રજૂ કરેલા છે તેમાં પોસ્ટના અધિકારીના કે ઓફિસના કોઈ સહી સિક્કા નથી. એ વાત ખરી છે કે આરોપીએ ગુનાહિત કૃત્ય, છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાનું હું જણાવું છું, તે અંગે મેં આરોપી સામે કોઈ પોલીસ સ્ટેશને ફોજદારી ફરિયાદ કરેલ નથી. હું ઇન્કમટેક્સ રિટર્ન ભરું છું. હું છેલ્લા બે વર્ષના ઇન્કમટેક્સ રિટર્ન રજૂ કરવા રાજી ખુશી છું. એ વાત ખરી છે કે મેં મારી ફરિયાદમાં કે સરતપાસના સોગંદનામામાં મારા નાણા મને પરત અપાવવા કોઈ દાદ માંગેલ નથી. એ વાત ખરી નથી કે મેં આરોપી સામે ખોટો કેસ કરી તેમાં ખોટું સરતપાસનું સોગંદનામુ રજૂ કરેલ છે અને સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. મે આંક-૩૧ અને ૩૨ વાળું રજુ કરેલ સ્ટેટમેન્ટ બેન્કમાંથી રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આંક-૩૧ વાળા સ્ટેટમેન્ટમાં કોઇ બેન્ક અધીકારીના સહી સીકકા નથી. એ વાત ખરી છે કે બેન્ક સ્ટેટમેન્ટમાં રૂપીયા દસ લાખ મે એક સાથે ઉપાડયા હોય તેવી કોઇ નોંધ નથી. હું હુસેનાબહેનને ઓળખું છું. જેઓ મારા ઘરે આવેલા છે. એ વાત ખરી નથી કે જે કોઇ નાણાકીય વ્યવહાર થયેલો તે મારે હુસેનાબહેન સાથે થયેલો. મને રેકર્ડમાંથી આંક-૩૧ વાળુ સ્ટેટમેન્ટ બતાવવામાં આવે છે જે જોઇને કહું છું કે, એ વાત ખરી છે કે તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજનો રૂ. ૧,૮૯,૦૦૦/-નો વ્યવહાર હુસેનાબેન સાથે થયેલો. એ વાત ખરી છે કે હુસેનાબેન સાથેના નાણાનો વ્યવહાર શરીફભાઇએ મારા બેન્ક સ્ટેટમેન્ટ અનુસાર જમા કરાવેલ છે. એ વાત ખરી છે કે શરીફભાઇ સાથે કરેલ દસ લાખ રૂપીયાના વ્યવહારની કોઇ નોંધ મારા ઇન્કમેટેક્ષ રીટર્નમાં જણાવેલ નથી."

(10).. હવે તેની સામે આરોપી પક્ષ દ્વારા ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ 1881 ની કલમ: 118(એ) તથા 139ના અનુમાનનું ખંડન કરવા માટે ફરિયાદપક્ષે તપાસેલ ફરિયાદીની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તે જ હકીકતોને બચાવપક્ષે પોતાના વધારાના જવાબમાં તેમજ પોતાની દલીલમાં કહેલ છે. હવે આ કામે બચાવ પક્ષનો મુખ્ય બચાવ એવો છે કે,

- ફરિયાદી બેંક ટ્રાન્જેક્શન પુરવાર કરી શકેલા નથી, ખરેખર ₹10,37,000 તેઓ માગતા હતા કે રૂપિયા દસ લાખ તે પણ નક્કી થતું નથી, ફરિયાદી જો એમ કહેતા હોય કે તેઓએ

bank of baroda ડેભારી શાખા અને વીરપુર શાખામાંથી આ પૈસા ઉપાડેલા, તો આંક 31 અને 32 માં બેંક સ્ટેટમેન્ટમાં રૂપિયા દસ લાખ એક સાથે ઉપાડ્યાની કોઈ એન્ટ્રી જણાઈ આવતી નથી. જેથી કોઈ કાયદેસરનું દેવું હોવાનું માની શકાય તેમ નથી. ₹1,89,475 નું ટ્રાન્જેક્શન આરોપી ની પત્ની હુસેનાબેન સાથે વ્યવહાર થયેલો છે, તેથી તેમના પતિ સાથે પણ દસ લાખનો વ્યવહાર થયો હોય તેવું કહી શકાય નહીં.

- ફરિયાદી દ્વારા આવડી મોટી રકમનો વ્યવહાર થયેલ હોવા છતાં કોઈ હિસાબ, નોંધ, રસીદ, એગ્રીમેન્ટ જેવું કાંઈ પણ રજૂ કરતા નથી.
- ફરિયાદીને આવકનો સ્ત્રોત જણાઈ આવતું નથી, કે આવું ટ્રાન્જેક્શન ઇન્કમટેક્સ રિટર્ન માં પણ બતાવવામાં આવેલ નથી.
- ફરિયાદીએ પોતાની ફરિયાદમાં આ ચેક આરોપીઓ ભરીને આપેલો તેવું જણાવેલ છે, જ્યારે ઉલટ તપાસમાં મેં ચેક ની વિગતો ભરેલી છે તેમ કબુલ કરેલ છે.
- આરોપીને ફરિયાદની કોઈ ડિમાન્ડ નોટિસ બઝેલ નથી.
- ફરિયાદીનું કોઈ કાયદેસરનું લેણું નથી.

હવે ઉપરોક્ત બચાવપક્ષના બચાવ અંગેની રેકર્ડ ઉપરનું પુરાવો, તેમજ કાયદાકીય સિદ્ધાંતો તેમજ ફરિયાદીની દલીલ ધ્યાને લેતા, એ હકીકત નિર્વિવાદ છે કે, આરોપીની સહી વાળો, આરોપીના ખાતાનો ચેક છે. હવે ફરિયાદીએ ફરિયાદની હકીકતો સોગંદ ઉપર જાહેર કરી, અસલ ચેક તથા તેના સાધનિક કાગળો સાથે કેસની હકીકત રજૂ કરેલ છે, અને તે રીતે ફરિયાદીએ પોતાની ફરિયાદનું ફાઉન્ડેશન કરેલ છે. આમ ફરિયાદ અને તે સાથેના દસ્તાવેજી પુરાવા, તેમજ ફરિયાદપક્ષની રજૂઆત જોતા ફરિયાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા પુરવાર થયેલાનું કોર્ટ માને છે. બચાવપક્ષે પોતાના પુરાવાથી સમગ્ર ટ્રાયલ દરમિયાન ફરિયાદી પાસે પોતાની સહી વાળો ચેક શી રીતે આવ્યો ? તે અંગે માની શકાય તેવો કોઈ જ ખુલાસો બચાવપક્ષે કરેલ નથી કે તે અંગેની કોઈ એક હકીકત પર ચોક્કસ રહેલા નથી. જો આરોપી પોતાના વધારાના જવાબમાં **ચેકનો દૂરૂપયોગ કરેલ છે, ખોટો ચેક ભરી, ખોટી ફરિયાદ કરેલ છે,** તેમ જણાવતા હોય તો તે ચેક ફરિયાદી પાસે શી રીતે આવ્યો ?

ચેક ઉપરની સહી આરોપીની નથી, અથવા તે ચેક પરત મેળવવા સારું અત્યાર સુધી આરોપીએ શું પગલાં ભર્યા તે આરોપીપક્ષે પુરવાર કરવું જોઈએ, જે બચાવ પક્ષ પુરવાર કરી શકેલા નથી. હવે બચાવપક્ષના પ્રથમ બચાવ અંગે જોઈએ તો, એક્ટમાં કલમ 118 હેઠળ દરેક **વટાઉખત વિશે માની લેવા** અંગેનુ અનુમાન કરવાનું મેંડેટરી જોગવાઈ છે. તેમાં જણાવ્યા અનુસાર, એથી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે કે, **દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યું હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યું હતું.** આમ ઉપરોક્ત એકટના અનુમાન અનુસાર ફરિયાદી દ્વારા આંક 13 અને આંક 15 વાળા આરોપીની સહીવાળા ચેક રેકોર્ડ ઉપર રજૂ કરી પોતાની ફરિયાદમાં આ ચેક આરોપીએ તેઓએ આપેલી હાથ ઉછીની રકમ ₹10,00,000/- પરત આપવા સારું તારીખ 4 4 2025 ના રોજ એક રૂપિયા પાંચ લાખનો તેમ કુલ બે ચેક ફરિયાદીના નામના લખી આપેલા તેમ જણાવી રજૂ કરેલા છે ત્યારે તેવા ચેક અંગે ઉપરોક્ત એક્ટની કલમ 118 અનુસારનુ અનુમાન કરવાનું છે. હવે બચાવ પક્ષના શીરે આ અનુમાનનું ખંડન કરવાનો બોજો રહેલો છે. તેથી વિશેષ ફરિયાદી ₹10,37,000 ની રકમ ને બદલે રૂપિયા પાંચ પાંચ લાખના બે ચેક આરોપી દ્વારા કયા સંજોગોમાં લખી આપવામાં આવેલા તે અંગે ફરિયાદના પેરા નંબર 1 મા સ્પષ્ટતા કરેલી છે, જેથી તેવી કોઈ હકીકતને ફરિયાદી દ્વારા છુપાવવામાં આવેલી હોય તેવું બનેલ નથી. તેથી વિશેષ બચાવ પક્ષે હુસેનાબીબી સાથે ₹1,89,475/- નો વ્યવહાર થયેલાનું આંક 31 વાળા સ્ટેટમેન્ટમાં જણાવેલ હોવા માત્રથી આરોપી સાથેનો વ્યવહાર ખોટો ઠરી જતો નથી. વળી જો ફરિયાદી જણાવે છે તેઓ આરોપી સાથેનો કોઈ જ વ્યવહાર થયેલ ન હોય તો આરોપીની સહી વાળો ચેક ફરિયાદી પાસે કયા સંજોગોમાં અને કયા વ્યવહાર અંગેનો છે ? તે અંગેનો કોઈ જ માની શકાય તેવો ખુલાસો બચાવ પક્ષ કરી શક્યા નથી. જેથી બચાવ પક્ષનો આ બચાવ પણ ચાલી શકે તેમ નથી.

(10.1) બચાવ પક્ષે ફરિયાદી દ્વારા આવડી મોટી રકમનો વ્યવહાર થયેલ હોવા છતાં કોઈ હિસાબ, નોંધ, રસીદ, એગ્રીમેન્ટ જેવું કાંઈ પણ રજૂ કરતા નથી, તેવો પણ બચાવ લેવામાં આવેલો છે. પરંતુ દરેક વ્યવહાર માટે હિસાબ, નોંધ, રસીદ, એગ્રીમેન્ટ હોવો જ જોઈએ તેવો પણ કોઈ નિયમ નથી. જેથી

તેવા પુરાવાનો કોઈ આગ્રહ રાખી શકાય નહીં. નાણાકીય વ્યવહાર તે બે પક્ષકારો વચ્ચેની સંમતિથી અને શરતો આધીન હતો હોય છે, જે પક્ષકારોને સ્વીકાર્ય હોય તે અનુસાર વ્યવહાર થતો હોય છે, જેથી બચાવ પક્ષ જણાવે છે તેમ હિસાબ, નોંધ, રસીદ, એગ્રીમેન્ટ હોવો જ જોઈએ, તેવો કોઈ આગ્રહ રાખી શકાય નહીં, જેથી બચાવ પક્ષનો આ બચાવ પણ ચાલી શકે તેમ નથી.

(10.2) બચાવ પક્ષે એક બચાવે એવો લીધેલ છે કે, ફરિયાદીને આવકનો સ્ત્રોત જણાઈ આવતું નથી, અંગે જોઈએ તો ફરિયાદી રિટાયર્ડ શિક્ષક છે, તેઓને નિવૃત્તિના લાભ મળેલા હોય તે સ્વાભાવિક છે. તેથી વિશેષ ફરિયાદીએ આંક 31 તથા 32 ના જે બેંકના સ્ટેટમેન્ટ રજૂ કરેલા છે, તેના ટ્રાન્જેક્શન જોતા પણ ફરિયાદીની આર્થિક સધ્ધરતા સ્પષ્ટપણે જણાઈ આવે છે. જેથી ફરિયાદીની આટલી રકમ આપવાની કોઈ કેપેસિટી નથી તેવું કોઈ રીતે માની શકાય તેમ નથી. તેથી વિશેષ બચાવ પક્ષે એવો પણ બચાવ લીધેલ છે કે, આવું ટ્રાન્જેક્શન ઇન્કમટેક્સ રિટર્નમાં પણ ફરિયાદીએ બતાવવામાં આવેલ નથી. પરંતુ કોઈ ટ્રાન્જેક્શનને ઇન્કમટેક્સ રિટર્ન માં બતાવેલું ન હોવા માત્રથી તેવું ટ્રાન્જેક્શન થયેલું જ નથી તેમ કહી શકાય નહીં. વળી કોઈ વ્યક્તિ કોઈ રકમને ઇન્કમટેક્સ રિટર્ન માં બતાવતી નથી અને પોતાનું ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કરે છે, ત્યારે તે પ્રશ્ન ઇન્કમટેક્સ વિભાગ અને તે વ્યક્તિ વચ્ચેનો બની જાય છે. જો આવકવેરો યોગ્ય રીતે પોતાના રિટર્ન માં બતાવેલ ન હોય તો તે અંગે ઇન્કમટેક્સ વિભાગ જે તે વ્યક્તિ સામે પગલા ભરવા જવાબદાર રહે. વળી આવકવેરો તે જે તે વર્ષની આવક અનુસાર ભરવાનો હોય છે. હાલના વ્યવહાર વાળી રકમ તે વર્ષની ફરિયાદીની આવક ની રકમ હતી કે કેમ ? તે પણ કોઈ રીતે રેકોર્ડ ઉપર પુરવાર થયેલ નથી. આમ સરળ રીતે કહીએ તો ફરિયાદીએ આવા ટ્રાન્જેક્શનની રકમ પોતાના તે વર્ષના ઇન્કમટેક્સ રિટર્નમાં બતાવેલ ન હોવા માત્રથી આરોપી સાથેનો આવો હાથ ઉછીનો થયેલ જ નથી તેમ કહી શકાય નહીં. જેથી બચાવ પક્ષનો આ બચાવ પણ ટકી શકે તેમ નથી.

(10.3) બચાવ પક્ષે એક બચાવ એવો લીધેલ છે કે, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં આ ચેક આરોપીઓ ભરીને આપેલો તેવું જણાવેલ છે, જ્યારે ઉલટ તપાસમાં મેં ચેક ની વિગતો ભરેલી છે તેમ કબુલ કરેલ છે. આ અંગે જોઈએ તો નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની તમામ જોગવાઈઓ દસ્તાવેજી પુરાવા ઉપર આધારિત છે, અહીં આરોપીની સહીવાળો ચેક રેકોર્ડ ઉપર છે, ત્યારે તે લેખિત પુરાવાને અગ્રતાક્રમ આપી તેને માનવો જોઈએ, તેમ હું માનું છું. જ્યારે દસ્તાવેજી પુરાવો રેકોર્ડ ઉપર છે,

ત્યારે મૌખિક પુરાવાનું કોઈ મહત્વ રહેતું નથી. લીગલ મેક્સિમ **"Varba volant, scripta manent"** અનુસાર **મૌખિક શબ્દો ઉડી જાય છે, લખાણ સ્થિર રહે છે** અર્થાત્ **લેખિત/ દસ્તાવેજી પુરાવા મૌખિક પુરાવા કરતા વધુ વિશ્વસનીય હોય છે.** આમ, લેખિત અને અસલ દસ્તાવેજી પુરાવા રેકોર્ડ ઉપર હાજર હોય ત્યારે તેના વિરુદ્ધ જતો મૌખિક પુરાવો ઓછું મહત્વ ધરાવે છે, તેઓ કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે. તેથી ફરિયાદીએ જ્યારે દસ્તાવેજો રજૂ કરી તથા સોગંદ ઉપરની પોતાની હકીકતોથી પોતાના કેસનો ફાઉન્ડેશન કરેલ હોય, પોતાનો કેસ રજૂ કરેલ હોય ત્યારે તેની વિરુદ્ધની હકીકતો અંગે પ્રોબેબલ ડિફેન્સ બચાવપક્ષે રજૂ કરવાનો છે, કે જે બચાવ આ કેસમાં બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. તેથી વિશેષ જો એક તબક્કે એમ માની લેવામાં આવે કે ફરિયાદીએ જ સમગ્ર ચેકની વિગતો ભરેલ છે, અને ચેકમાં માત્ર સહી જ આરોપીની છે, તો પણ જ્યારે ચેકનો લખનાર તેમાં સહી કરીને આપે છે, ત્યારે તે બાકીની વિગતો ભરવા ચેકના ધારણકર્તાને એક પ્રકારની સત્તા આપે છે, તેવું **એકટની કલમ-20** મુજબ સ્વીકારવામાં આવેલ છે. તેથી વિશેષ, ફરિયાદીની ઉલટતપાસમાં બચાવપક્ષ એવી પણ હકીકત રેકોર્ડ ઉપર લાવી શકતા નથી કે ફરિયાદીનું કોઈ કાયદેસરનું લેણું નથી. તેની વિરુદ્ધ આરોપીની સહીવાળો અસલ ચેક રેકોર્ડ ઉપર છે. ફરિયાદીએ એક્ટ મુજબના મેન્ડિટરી પ્રોવિઝનના પાલન સાથે સમયમર્યાદામાં ફરિયાદ કરેલ છે, ત્યારે એક્ટના અનુમાનો લાગુ પડેલ છે. આરોપીના ચેકનો ખોટી રીતે દૂરૂપયોગ થયાનું અને ફરિયાદીએ હાલની ખોટી ફરિયાદ કરેલ હોય તો, તેવી હકીકત બચાવ પક્ષે સબળ પુરાવાથી પુરવાર કરવી જોઈએ અને જો આરોપીનો ચેક ખોટી રીતે ફરિયાદી પાસે આવેલ હોય તો, તેવો ચેક ઈસ્યુ કર્યાથી ફરિયાદ કર્યા સુધી, આવો ચેક પરત મેળવવા સારું બચાવપક્ષે શું પ્રયત્ન કર્યા ? કે તેવા ચેક નો દુરુપયોગ થતો અટકાવવા સારું બચાવ પક્ષે કોઈ પગલા લીધેલા છે કે કેમ ? ચેકનો જો દૂરૂપયોગ થયેલ હોય, તો તે અંગે એક સામાન્ય વ્યક્તિ કરે તેમ આરોપીએ કોઈ પોલીસ ફરિયાદ કરેલ હોય, કે પોતાના ચેક અંગે કોઈ યોગ્ય ઓથોરિટી સમક્ષ તે અંગેની જાહેરાત કરેલ હોય, તેવું પણ ક્યાંય રેકોર્ડ ઉપર બચાવપક્ષ લાવી શકતા નથી. આમ ઉપરોક્ત આરોપીની ચેષ્ટા જોતા આરોપી ચોક્કસ કોઈ બચાવ લઈને આવેલા નથી પરંતુ આ કેસમાંથી બચવા સારું અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ હકીકતો રજૂ કરેલ છે, જે નોંધનીય છે. તેથી વિશેષ ચેકમાં આરોપીની સહી નથી તેવો બચાવ પક્ષનો કોઈ બચાવ નથી, ત્યારે આવો સહી કરેલો ચેક શા માટે કોઈ વ્યક્તિ રાખે ? અને તેવો ચેક ખોવાયો

હોય, કે આરોપી પાસે ખોટી રીતે આવેલ હોય, કે આરોપી પાસે પડી રહેલો હોય, તો પોતાના તેવા સહી કરેલા ચેક અંગે આરોપીએ શું જાગૃતતા દાખવી ? અને તેવો ચેક પરત મેળવવા ફરિયાદીએ શું શું પગલાં લીધા ? તે અંગે લેશમાત્ર પુરાવો ફરિયાદી આપી શકતા નથી, જેથી પણ બચાવ પક્ષે લીધેલા બચાવ તે માત્ર મૌખિક બચાવ બની રહે છે. વળી બચાવપક્ષના બચાવ સબબ કોઈ દસ્તાવેજી આધાર કે સાહેદ તરીકે અન્ય કોઈ વ્યક્તિને પણ બચાવપક્ષે તપાસેલા નથી. આમ ફરિયાદની હકીકતોનો ઇનકાર તે માત્ર બચાવ ગણી શકાય નહીં. ફરિયાદીની ફરિયાદ હકીકતોનું ખંડન કરી શકે તેવી હકીકત બચાવ પક્ષે રેકોર્ડ ઉપર લાવવી જોઈએ, જે બચાવ પક્ષ લાવી શકેલા નથી. તેથી વિશેષ રેકર્ડ ઉપર આરોપીની સહી વાળો અસલ ચેક ફરિયાદ હકીકત મુજબ ફરિયાદીએ રજૂ કરેલ છે, અને તેવા ચેકની હકીકતો ઉલટ તપાસમાં ફરિયાદીએ કબુલ રાખેલ છે, આમ જ્યારે એક વ્યક્તિની તરફેણમાં, બીજી વ્યક્તિ ડિફોલ્ટર હોય ત્યારે **"કોઈપણ ચેક"** અને **"અન્ય જવાબદારી"** એ શબ્દો એક્ટની કલમ-138 ની વ્યાખ્યામાં મૂકવાનો મુખ્ય એઈમ જ તે તેવી વ્યક્તિને કાનુનના દાયરામાં લાવવાનો છે. આમ હાલના મારી સમક્ષના કેસની હકીકત મુજબ ફરિયાદીએ આરોપીને આપેલ તે રકમની ઉઘરાણી કરતા, તે રકમ પરત ચૂકવવા સારું **હાલના રૂપિયા પાંચ લાખનો એક તેવા કુલ બે ફરિયાદ વાળા ચેક** આરોપીએ ફરિયાદીને આપેલ હોવાની ફરિયાદીની હકીકત તથા પ્રસ્થાપિત એક્ટના અનુમાનો અખંડિત રહે છે. જ્યારે આરોપીએ પોતાની સહી કરેલ ચેક ફરિયાદીને આપેલ હોય, અને એક્ટની કલમ-138 ના મજકુર (ક),(ખ) અને (ગ) ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન કરેલ હોય ત્યારે ચોક્કસ રીતે આવો ચેક જવાબદારી અદા કરવા માટે જ આપવામાં આવેલ હોવાનું એક્ટનું અનુમાન આરોપી વિરુદ્ધ લાગુ પડે છે. ***નામદાર સુપ્રીમ કોર્ટનો 2009(2) જી.એલ.આર 1240 એસ.સી.એમ. એસ. કુમાર એક્સપોર્ટ વી. એમ એસ શર્મા કાર્પેટર્સ*** ના ચુકાદામાં એક્ટના ખંડનો આરોપી કઈ રીતે કરી શકે તે સ્પષ્ટ જણાવેલ છે. જેમાં આરોપીએ જાતે બોક્સમાં આવી સોગંદ ઉપર પુરાવો આપવાની જરૂરિયાત નથી, પરંતુ રેકર્ડ ઉપરની હકીકતોથી પણ ખંડન થઈ શકે, પરંતુ ફરિયાદીની ઉલટ તપાસની હકીકતો જોતા તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. રેકર્ડ ઉપર જે પુરાવો રજુ છે, તે જોતા આરોપીએ પોતાની ઉપરના અનુમાનો વિરુદ્ધનો કોઈ પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી ડિફેન્સ ઉભો કરેલ ગણી શકાય નહીં. આમ, માત્ર મૌખિક રીતે ચેકનો દુરુપયોગ કર્યાનો મૌખિક રીતે કહી દેવા માત્રથી આરોપી

સાથેના વ્યવહારને ખોટો ઠેરવી શકાય નહીં. હાલનો ચેક આપ્યા બાદ કોઈ રકમ આપેલ હોય તેવી ફરિયાદીની કોઈ કબુલાત નથી. આમ બચાવ પક્ષે ફરિયાદીની ફરિયાદની હકીકત મુજબ ફરિયાદીની કાયદેસરની બાકી લેણી રકમ ચૂકવવા સારું સદર કામના આરોપીએ રૂપિયા દસ લાખની રકમ ચૂકવવા સારું, ફરિયાદીને કેસ વાળો ચેક રૂપિયા. 5,00,000/- નો એક તેવા કુલ 2 ચેક લખી આપેલા, તે હકીકત અખંડિત રહે છે.

(11). બચાવ પક્ષે એક બચાવ એવો લેવામાં આવેલ છે કે, આરોપીને નોટિસ બજેલ નથી અને જે નોટિસ મોકલાવેલ છે તેની આરોપીની સહી વાળી કોઈ એકનોલોઝમેન્ટ રેકોર્ડ ઉપર રજૂ નથી, જેથી નોટિસ તેઓના ખરા સરનામે મોકલાવવામાં આવેલ નથી. હવે આરોપીના આ બચાવ સામે જોવામાં આવે તો આરોપી દ્વારા ફરિયાદીને જે સરનામું આપવામાં આવેલ હોય તે સરનામે ફરિયાદીએ નોટિસ મોકલાવેલ હોય તે સ્વાભાવિક છે, આ કામના આરોપીએ લખાવેલ સરનામા અનુસારની નોટિસ મોકલવામાં આવેલ છે. વળી જનરલ ક્લોઝિઝ એક્ટ 1897 ની કલમ 27 પ્રમાણે આરોપીના સાચા સરનામે નોટિસ મોકલવામાં આવેલ હોય તો તેની સાથે એવિડન્સ એક્ટની કલમ 114 જોતા કામકાજના સામાન્ય ક્રમમાં પોસ્ટ ખાતા તરફથી તેવી નોટિસ બજી ગયેલ ગણી શકાય. હવે આ અંગે **નામ. સુપ્રીમ કોર્ટના C.C.Alavi Haji Vs. Palapetty Muhammed & Anr** ના ચુકાદામાં આ ઉપરોક્ત હકીકત સ્પષ્ટ જણાવેલ છે કે,

14. Section 27 gives rise to a presumption that service of notice has been effected when it is sent to the correct address by registered post. In view of the said presumption, when stating that a notice has been sent by registered post to the address of the drawer, it is unnecessary to further aver in the complaint that in spite of the return of the notice unserved, it is deemed to have been served or that the addressee is deemed to have knowledge of the notice. Unless and until the contrary is proved by the addressee, service of notice is deemed to have been

effected at the time at which the letter would have been delivered in the ordinary course of business. This Court has already held that when a notice is sent by registered post and is returned with a postal endorsement refused or not available in the house or house locked or shop closed or addressee not in station, due service has to be presumed. [Vide Jagdish Singh Vs. Natthu Singh ; State of M.P. Vs. Hiralal & Ors. and V.Raja Kumari Vs. P.Subbarama Naidu & Anr.] It is, therefore, manifest that in view of the presumption available under Section 27 of the Act, it is not necessary to aver in the complaint under Section 138 of the Act that service of notice was evaded by the accused or that the accused had a role to play in the return of the notice unserved.

15. Insofar as the question of disclosure of necessary particulars with regard to the issue of notice in terms of proviso (b) of Section 138 of the Act, in order to enable the Court to draw presumption or inference either under Section 27 of the G.C. Act or Section 114 of the Evidence Act, is concerned, there is no material difference between the two provisions. In our opinion, therefore, when the notice is sent by registered post by correctly addressing the drawer of the cheque, the mandatory requirement of issue of notice in terms of Clause (b) of proviso to Section 138 of the Act stands complied with. It is needless to emphasise that the complaint must contain basic facts regarding the mode and manner of the issuance of notice to the drawer of the cheque. It is well settled that at the time of taking cognizance of the complaint under Section 138 of the Act, the Court is required to be

prima facie satisfied that a case under the said Section is made out and the aforenoted mandatory statutory procedural requirements have been complied with. It is then for the drawer to rebut the presumption about the service of notice and show that he had no knowledge that the notice was brought to his address or that the address mentioned on the cover was incorrect or that the letter was never tendered or that the report of the postman was incorrect. In our opinion, this interpretation of the provision would effectuate the object and purpose for which proviso to Section 138 was enacted, namely, to avoid unnecessary hardship to an honest drawer of a cheque and to provide him an opportunity to make amends.

આમ ઉપરોક્ત કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતા અને જી સી એક્ટની કલમ 27 મુજબ પણ જ્યારે એક સમયે પક્ષકાર જે સરનામે રહેલા હોય, તે સરનામે કોઈપણ પ્રોસેસ મોકલવામાં આવે તો તે, તે વ્યક્તિના સાચા સરનામે પ્રોસેસ ઇસ્યુ કરેલ ગણાય. વળી તેવી કાઢવામાં આવેલ પ્રોસેસ તે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-114 સાથે વાંચતા, પોસ્ટ ખાતાના સામાન્ય કામકાજના ક્રમ પ્રમાણે જે તે વ્યક્તિને સર્વ થયેલી ગણી શકાય, તેમ આ ચુકાદામાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય એક **નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદા K. Bhaskaran vs Sankaran Vaidhyan Balan And Anr (1999) CriLJ 4606 (SC)** માં પ્રસ્થાપિત થયેલ છે કે,

“........Here the notice is returned as unclaimed and not as refused. Will there be any significant different between the two so far as the presumption of service is concerned? In this connection a reference to Section 27 of the General Clauses Act will be useful. The Section reads thus :

"27. Meaning of service by post. - Where any central Act or

Regulation made after the commencement of this Act authorizes or requires any document to be served by post, whether the expression `serve' or either of the expressions `give' or `send' or any other expression is used, then, unless a different intention appears, the service shall be deemed to be effected by properly addressing, pre-paying and posting by registered post, a letter containing the document, and unless the contrary is proved, to have been effected at the time at which the letter would be delivered in the ordinary course of post"

No doubt Section 138 of the Act does not require that the notice should be given only by `post'. Nonetheless the principle incorporated in Section 27 (quoted above) can profitably be imported in a case where the sender has despatched the notice by post with the correct address written on it. Then it can be deemed to have been served on the sendee unless he proves that it was not really served and that he was not responsible for such non-service. Any other interpretation can lead to a very tenuous position as the drawer of the cheque who is liable to pay the amount would resort to the strategy of subterfuge by successfully avoiding the notice.

Thus, when a notice is returned by the sendee as unclaimed such date would be the commencing date in reckoning the period of 15 days contemplated in clause (c) to the proviso of Section 138 of the Act. Of course such reckoning would be without prejudice to the right of the drawer of the cheque to show that he had no

knowledge that the notice was brought to his address. In the present case the accused did not even attempt to discharge the burden to rebut the aforesaid presumption."

આમ, ઉપરોક્ત ચુકાદો પણ નોટિસ યોગ્ય સરનામે મોકલવામાં આવેલ હોય તો તે બજેલ ગણાય તેમ જણાવે છે. અહીં ખુદ આરોપીપક્ષે પોતે જણાવેલ સરનામે રહેતા ન હોવા માત્રનો બચાવ લીધેલ નથી કે તેવો આરોપીનો કોઈ બચાવ નથી. નામ. ગુજરાત હાઇકોર્ટે **પ્રજાપતિ ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, 2004(2) જીસીબી 1475(ગુજરાત)** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, ***a presumption would certainly arise in favour of service of notice when a prepaid registered post has been dispatched and postal acknowledgment has been produced on record.*** તેમજ નામ. સુપ્રીમ કોર્ટના ઉપરોક્ત વર્ણવેલ **સી સી અલવી હાજી પાલા પેટ્ટી મોહમ્મદ, 2007(1) GLH 512** ના ચુકાદામાં ભારતીય પુરાવાના કાયદાની કલમ 114 તથા જનરલ ક્લોઝિઝ એક્ટની કલમ-27 ટાંકીને પ્રસ્થાપિત કરેલ છે કે, ચેક લખનારના સરનામે રજીસ્ટર પોસ્ટ ટપાલથી નોટિસ મોકલવામાં આવી હોય અને નોટિસ જ્યારે ઇનકાર, ઘેર ઉપલબ્ધ નથી, દુકાન બંધ છે અથવા સરનામા વાળી વ્યક્તિ સ્થળ ઉપર નથી તેવા શેરા સાથે પરત આવે, ત્યારે નોટિસની બજવણી એ સમયે થયેલાનું અનુમાન કરવું જ રહ્યું, જ્યારે પત્ર કામકાજના સામાન્ય ક્રમમાં પહોંચ્યો હોય, ચેક લખનારે આવા અનુમાનોનું ખંડન કરવાનું હોય છે. નામદાર સુપ્રીમ કોર્ટે ***મેં. ઇન્ડો ઓટોમોબાઇલ્સ વિરુદ્ધ જય દુર્ગા એન્ટરપ્રાઇઝ, AIR 2009 SC 386***ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો નોટિસ આરોપીના સાચા સરનામે આરોપીને આરપીએડી તથા યુપીસીથી મોકલવામાં આવે તો તે બજી ગઈ છે તેવું અનુમાન કરવામાં આવશે. પોસ્ટખાતાનો સિક્કો તથા પોસ્ટમેનને ન તપાસવાથી નોટિસની બજવણી કાયદેસર નથી તેવું કહી શકાય નહીં. તેથી વિશેષ આરોપી જણાવેલ રહેઠાણે ક્યારે રહેલા જ નથી, તેઓ કોઈ પુરાવો આરોપીએ રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ નથી. તેથી વિશેષ જોઈએ તો, **એક્ટની કલમ 94** માં પણ નોટિસ આપવાની રીત દર્શાવવામાં આવેલ છે તેમાં પણ રહેઠાણ/ધંધાના સ્થળે નોટિસ આપેલ હોય તે યોગ્ય અને વ્યાજબી છે. તેથી વિશેષ એક્ટની કલમ 138 ના મેન્ડીટરી પ્રોવિઝન જોવામાં આવે તો ચેકની સમય મર્યાદામાં ચેક બેંકમાં રજૂ કર્યા

બાદ જો તે પરત ફરે ત્યારે **<u>તે ચેક પરત ફર્યાની જાણ થયેથી 30 દિવસની અંદર ચેકના લખનારને નોટિસ આપેલ હોવી જોઈએ</u>** તેમ છે. એટલે કે એક વાર આરોપીના યોગ્ય સરનામે, અથવા તો આરોપી એક સમયે જે જગ્યાએ રહેલા હોય તેવા સરનામે નોટિસ ઈશ્યુ કરવામાં આવેલ હોય, ત્યારે સમય મર્યાદામાં થયેલ ફરિયાદ અંગે એક્ટ ના 118 તથા 139 ના અનુમાનો લાગુ પાડી શકાય છે. એટલે કે અહીં હાલના કિસ્સામાં પણ ફરિયાદીએ આરોપી દ્વારા તેઓને જણાવેલ ઘર/નોકરીના સરનામે નોટિસ મોકલાવેલ છે, જેથી આરોપીની નોટિસ યોગ્ય સરનામે મોકલવામાં આવેલ હોવાનું કહી શકાય. અહીં નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા ***સુબોધ એસ. સાલસકર વિરુદ્ધ જયપ્રકાશ એન્ડ શાહ અને બીજાઓ (2009(1) જે એલ આર 482)*** <u>**ના કામે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા, એક સમયે આરોપી જો એમ કહેતા હોય કે ચેક લખનારને નોટિસ મળેલ ન હોવાનો દાવો કરેલ હોય તો ફરિયાદીનો સમન્સ બજેથી તેવા નાણાં મુદત હરોળમાં ચૂકવી આપવા જોઈશે અને તે ચૂકવવામાં ચૂક કરે તો આરોપીને નોટિસ મળેલ નથી તેઓ બચાવ લઈ શકશે નહીં,**</u> તેવા સંજોગોમાં ઉપરોક્ત તકરાર ધ્યાને લેવા પાત્ર રહેતી નથી. જેથી બચાવ પક્ષનો એ બચાવ પણ ટકી શકે તેમ નથી.

(12).. બચાવ પક્ષે ફરિયાદ વાળા ચેકમાં તેઓની સહી નથી તે અંગે કોઈ એક્સપર્ટનો રિપોર્ટ રજૂ કરેલ નથી, ત્યારે એ હકીકત બિનતકરારી છે કે ફરિયાદ વાળા તકરારી ચેકોમાં હાલના આરોપીની જ સહી છે અને આરોપીએ જ ફરિયાદીને બંને ચેક આપેલ છે. બચાવ પક્ષ, ફરિયાદીએ રજૂ કરેલો પુરાવો ખોટો છે તે બાબતે કોઈ ખંડન કરી શકે તેવી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વળી જો બચાવપક્ષ એવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માગતા હોય કે હાલનો આ ચેકો કોઈ કાયદેસરના દેવા પેટેનો ન હતો, તો તેવો ચેક ફરિયાદીના કબજામાં કેવી રીતે આવ્યો ? અથવા એક સામાન્ય વ્યક્તિ પોતાના ચેક અંગે જેટલી કાળજી લે, તેટલી કોઈ કાળજી લેવામાં આવેલ છે કે કેમ ? કે ફરિયાદી જણાવે છે તેટલી કોઈ લેણી રકમ નથી અથવા આવો ચેક ખોટી રીતે ફરિયાદી પાસે આવેલ હોવાની કોઈ હકીકતનું અસ્તિત્વ બચાવપક્ષે રેકોર્ડ ઉપર લાવવું જોઈએ. પરંતુ હાલના મારી સમક્ષના કેસમાં કોઈ આવો બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલ નથી. માત્ર દૂરઉપયોગ કર્યાનું મૌખિક રીતે કહેવા માત્રથી તેઓ ડિફેન્સ ગણી શકાય નહીં. જેથી ફરિયાદીનું કાયદેસરનું લેણું ડુબાડવા સારું આરોપીએ

માત્ર મૌખિક બચાવ લીધેલાની ફરિયાદીની દલીલને માની શકાય તેમ છે. તેથી વિરુદ્ધ ઉપર ચર્ચા કર્યા અનુસાર બચાવ પક્ષની કોઈ દલીલ માની શકાય તેમ નથી. આમ સમગ્ર રીતે જોતા આરોપી, પોતાની સામે પડેલ પુરાવાનું અને એક્ટની કલમ 118 તથા 139 મુજબના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી કે ખંડનાત્મક પુરાવો રજૂ કરી શકેલ નથી, તેથી મુદ્દા નંબર 1 નો નિર્ણય **"હકારમાં"** આપી, આરોપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ 138 મુજબના ગુના અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આ કેસમાં કાનૂની તથા હકીકતના ગુંચવણભર્યા પ્રશ્નોના કારણે હાથ ઉપરના કેસને સમરી ટ્રાયલ ન ચલાવતા, સમન્સ ટ્રાઇબલ મુજબ ચલાવેલ છે. સમન્સ ટ્રાયબલ કેસોમાં આરોપીને સજા અંગે સાંભળવા જરૂરી નથી, પરંતુ આરોપીને કુદરતી ન્યાય-નીતિના સિદ્ધાંતોને ધ્યાને લેતા સજા અંગે કોઈ રજૂઆત કરવી હોય કે ખુલાસો કરવો હોય તેવા હેતુથી આરોપીને સજા અંગે સાંભળવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ 15મી માહે જુલાઇ, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ-15/07/2026.
સ્થળ - વિરપુર

(દિલીપસિંહ જસવંતસિંહ ભાટી)
GJ01460
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિરપુર.

(D. J. Bhati)
Judi. Magi. F. C., Virpur.

-:: વ ધુ હુ ક મ ::-

(13).. આ કામના આરોપીને સજા અંગે કશું કહેવું છે કે કેમ, તે અંગે પૂછતા આરોપી તરફે તેમના વી. વ. શ્રી જણાવે છે કે, આરોપી નોકરી કરતો શિક્ષક છે, સામાન્ય પરિવારમાંથી આવે છે, કુટુંબકબીલા વાળા માણસ છે, ઘરમાં કમાનાર એકમાત્ર વ્યક્તિ છે, જેથી આરોપી ઉપર રહેમ રાખવા અરજ કરેલ છે. જ્યારે ફરિયાદીના વિ. વ. શ્રી એ દલીલો કરતા જણાવેલ છે કે, ફરિયાદી પાસે લેણી નીકળતી રકમ ચૂકવવા સારું સદર કામના આરોપીએ ફરિયાદીને હાથ ઉછીની લીધેલી બાકી રકમ કુલ રૂપિયા 10,00,000/- ચૂકવવા સારું ફરિયાદમાં જણાવ્યા અનુસારના રૂપિયા 5,00,000/- નો એક એવા કુલ 2 ચેક લખી, અને તે રકમ પરત ચૂકવવા સારું ફરિયાદીને આપેલ, અને ચેક જેટલી રકમ પોતાના ખાતામાં નહીં રાખી, આ ચેક પરત ફરેલ હોય એક્ટ મુજબનો ગુનો આરોપીએ કરેલ છે, અને તેવો મોટી રકમનો આર્થિક ગુનો સાબિત થયેલ હોય કાયદામાં જણાવ્યા મુજબની પૂરી સજા કરવી જરૂરી છે. આરોપીને પોતાના કેસનો બચાવ કરવાની પૂરેપૂરી તક મળી ગયેલ છે, જેથી આરોપીને ગુણદોષ ઉપર તકસીરવાન ઠરાવ્યા બાદ રહેમ રાખી શકાય નહીં.

(14).. બંને પક્ષકારોને સજાના મુદ્દે સાંભળ્યા બાદ એવું જણાય છે કે, આ કામના આરોપી સામે જે કેસ ચલાવવામાં આવેલ છે, તેમાં આરોપીને પોતાનો બચાવ કરવાની પૂરેપૂરી તક આપવામાં આવેલ છે. આમ ગુણદોષ ઉપર કેસ ચાલી ગયા બાદ, પડેલ પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે, તે જોતા આરોપીને તેની રજૂઆત ઉપરથી માત્ર આરોપી નોકરી કરતો શિક્ષક હોવાથી, સામાન્ય પરિવારમાંથી આવતા હોય, કુટુંબકબીલા વાળા માણસ હોય, કે ઘરમાં કમાનાર એકમાત્ર વ્યક્તિ હોવાના કારણે જ માત્ર ગુનાને હળવાશથી લઈ શકાય નહીં. હાલના સમયમાં આર્થિક વ્યવહારમાં ચેકનું મહત્વ ઘણું જ વધી ગયેલ છે અને વેપાર વાણિજ્યમાં ચેક એ ધોરી નસ જેવું કામ કરે છે. તેવા સંજોગોમાં જો ચેક નકારવામાં આવે અને તે અંગેના કેસોમાં આરોપીને દોષિત ઠરાવ્યા બાદ જો તે ગુનાને હળવાશથી લેવામાં આવે તો વેપાર વાણિજ્ય ક્ષેત્રે આર્થિક અંધાધૂંધી ફેલાય અને આરોપી દ્વારા અપાતા ચેકોની ગરીમાં જળવાઈ નહીં તેમ હોય અને હાલના ચેક આરોપીએ, ફરિયાદીને રકમ ચૂકવવા સારુ આપી, લખી આપેલ ચેક પરત ફરેલ હોય, આરોપી ઉપર રહેમ રાખી શકાય નહીં. વળી આ કામે આરોપીએ રકમ પરત ચૂકવવા ફરિયાદીને કહ્યા મુજબ અને ચેક લખ્યા મુજબની રકમ પોતાના બેંક ખાતામાં નહીં રાખી કે તેવા નાણા ચૂકવી દેવાની કોઈ દરકાર ન લેતા,

અને કેસ વાળો ચેક આપી, ફરિયાદી વિરુદ્ધ સાવ ખોટા આક્ષેપ કરવાની આરોપીની વર્તણુક જોતા અને આરોપીપક્ષે રજૂઆત ધ્યાને લેતા ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 360 નીચે પ્રોબેશનનો લાભ આપી શકાય તેવો કેસ નથી, તેમ હું સ્પષ્ટ માનું છું. આ કેસ ઘણો જૂનો હોય, અને ફરિયાદીની લેણી રકમને લાંબો સમય થયેલ હોય ફરિયાદીને માત્ર ચેકની રકમ અપાવવી યોગ્ય નથી, પરંતુ અમારા ધ્યાન ઉપર આવેલ નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર ફરિયાદીને ચેકની રકમનું વળતર આપવું જોઈએ અને વ્યાજસહ ચૂકવવા આદેશ કરવામાં આવે તે યોગ્ય અને વ્યાજબી ગણાશે. આ તબક્કે *નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદા આર.* ***વિજયન વર્સીસ બેબી અને બીજા, ક્રિમિનલ અપીલ નંબર 1902/ 2011ના પેરા 17 અને 18*** માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને અનુલક્ષી, અને નામદાર સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન્સ મુજબ આરોપીને માત્ર ચેકની રકમ વળતર તરીકે નહીં આપતા, તેને તેવી રકમ વ્યાજ સહિત ચૂકવવા હુકમ કરવો યોગ્ય અને વ્યાજબી ગણાશે તેમ ઠરાવી, કેસના સંજોગો ધ્યાને લેતા **મુદ્દા નંબર 2** તથા કેસના ન્યાયિક નિકાલ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આ ખ રી હુ ક મ ::-

1. આ કામના આરોપી શરીફભાઈ અહેમદભાઈ શેખ, રહે.મહેમુદપુરા, મુ.પો.તા. વિરપુર, જી. મહીસાગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડ ની કલમ 255(2) મુજબ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 અન્વયેના ગુન્હામાં તકસીરવાન ઠરાવી અને આરોપીને 1 (એક) વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે છે તથા આરોપીએ બંને ચેક ની કુલ રકમ પેટે ₹રૂપિયા 10,00,000/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) રકમ આપ્યા તારીખથી વસૂલ થતા સુધી વાર્ષિક 9 % ના વ્યાજસહિત વળતર તરીકે ફરિયાદીને દિન 30 માં ચૂકવી આપવા હુકમ કરવામાં આવે છે.
2. આરોપી વળતરની રકમ ભરે નહીં તો તેને વધુ 6 (છ) માસની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
3. જો ફરિયાદીને આ કેસ સબબ કોઈપણ રકમ કોઈપણ હુકમ આધારે મળેલ હોય તો તે મજરે ગણવી.
4. આરોપી આ ગુનાકામે જો જેલમાં રહેલા હોય તો તેમને સેટઓફનો લાભ આપવો.
5. આરોપીના જામીન ખત રદ ગણવા.

(D. J. Bhati)
Judi. Magi. F. C., Virpur.

6. આરોપીને આ હુકમની એક નકલ સીઆરપીસીની કલમ 363 અન્વયે વિનામૂલ્ય આપવી.

હુકમ આજરોજ તારીખ 15મી માહે જુલાઇ, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ-15/07/2026.
સ્થળ - વિરપુર

(દિલીપસિંહ જસવંતસિંહ ભાટી)
GJ01460
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
વિરપુર.

(D. J. Bhati)
Judi. Magi. F. C., Virpur.